Series #CDBA

**SET-4**

Q.P. Code **09**

Roll No. | | | | | | | | |

Candidates must write the Q.P. Code on the title page of the answer-book.

- આ પ્રશ્નપત્રમાં **11** પાના છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં **17** પ્રશ્નો છે તે તપાસી લેવું.
- આ પ્રશ્નપત્રમાં જમણી બાજુએ આપેલો **Q.P.** કોડ નંબર ઉમેદવારે પોતાની ઉત્તર-પુસ્તિકામાં અવશ્ય લખવાનો રહેશે.
- **પ્રશ્નનો ઉત્તર લખતા પહેલા ઉત્તર-પુસ્તિકામાં પ્રશ્ન સિરિયલ નંબર અચૂક લખવો.**
- આ પ્રશ્નપત્ર વાંચવા માટે 15 મિનિટનો સમય ફાળવવામાં આવશે. 10.15 કલાકે પ્રશ્નપત્ર આપવામાં આવશે. 10.15 કલાકે થી 10.30 સુધી વિદ્યાર્થીઓ માત્ર આ પ્રશ્નપત્ર વાંચશે અને આ સમયમાં ઉત્તર-પુસ્તિકામાં કોઈ ઉત્તર લખવા નહીં.

- Please check that this question paper contains **11** printed pages.
- Please check that this question paper contains **17** questions.
- Q.P. Code given on the right hand side of the question paper should be written on the title page of the answer-book by the candidate.
- **Please write down the Serial Number of the question in the answer-book before attempting it.**
- 15 minute time has been allotted to read this question paper. The question paper will be distributed at 10.15 a.m. From 10.15 a.m. to 10.30 a.m., the candidates will read the question paper only and will not write any answer on the answer-book during this period.

# ગુજરાતી
# GUJARATI

*સમય સીમા : **3** કલાક* | *કુલ અંક : **80***

*Time allowed : **3** hours* | *Maximum Marks : **80***

## General Instructions :

(i) *This Question paper is divided into* **2** *parts. It has total* **17** *questions.*

(ii) ***Part – A*** *question No.* ***1*** *to* ***8****.*

(iii) ***Part – B*** *question No.* ***9*** *to* ***17****.*

(iv) *Attempt questions as per specific Instructions.*

(v) *Please write question No. in the Answer Book before altempting it.*

## સામાન્ય સૂચનો :

(i) *આ પ્રશ્નપત્રને બે ભાગમાં વિભાજિત છે અને આમાં કુલ* **17** *પ્રશ્નો છે.*

(ii) ***વિભાગ– A*** *માં* ***1*** *થી* ***8*** *પ્રશ્નો છે.*

(iii) ***વિભાગ– B*** *માં* ***9*** *થી* ***17*** *પ્રશ્નો છે.*

(iv) *પ્રશ્નમાં આપેલી સૂચના મુજબ ઉત્તરો લખવા.*

(v) *પ્રશ્નનો જવાબ લખતી વખતે પ્રશ્નક્રમાંક જરૂર લખો.*

## વિભાગ – A

## (હેતુલક્ષી પ્રશ્નો)

## PART – A

## (Objective Type Question)

1. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો : **5 × 1 = 5**

આજે દુનિયા આખી વિજ્ઞાન પાછળ પાગલ છે. આપણે ત્યાં પણ બધા કહે છે કે આ તો ઔદ્યોગિકીકરણનો જમાનો છે; આપણે વિજ્ઞાનનો પડકાર ઝીલી નહીં લઈએ તો પાછળ પડી જઈશું અને આપણે પણ આ યુગને આવકારવા માંગીએ છીએ. પરંતુ આપણે એને બુદ્ધિપૂર્વક આવકારવા માંગીએ છીએ. યંત્ર અને વિજ્ઞાનને આખરે તો મનુષ્યે જ સર્જ્યું છે ને. યંત્ર મનુષ્યને છિન્નભિન્ન કરી નાખે એવો છૂટો દોર આપવાનો નથી. જૂના જમાનાની ગુલામી પ્રથામાં માનવી માનવીને ગુલામ બનાવતો. આ નવી ગુલામીમાં મશીન માણસને ગુલામ બનાવે છે. આપણને આવી યંત્રની ગુલામી નથી ખપતી. આપણે તો યંત્ર માનવનું ચાકર બનીને રહે એવું કરવા માંગીએ છીએ.

પ્રશ્નો :

I. આજે દુનિયા કોની પાછળ પાગલ છે ?

(A) ઉત્પાદન (B) વિજ્ઞાન

(C) યંત્ર (D) ઉદ્યોગ

II. બધા આજના સમયને શેનો જમાનો માને છે ?

(A) ઔદ્યોગિકીકરણ (B) શહેરીકરણ

(C) વ્યવસાયીકરણ (D) ખાનગીકરણ

III. યંત્રીકરણના જમાનાને કેવી રીતે આવકારવાનો છે ?

(A) આડેધડ (B) સન્માન કરીને

(C) બુદ્ધિપૂર્વક (D) ઉદ્યોગો સ્થાપીને

IV. યંત્ર અને વિજ્ઞાનનું સર્જન કોણે કર્યું ?

(A) ભગવાને (B) એલીયને

(C) વેપારીઓએ (D) માનવે

V. આપણે યંત્રને કેવું બનાવવાનું છે ?

(A) હુકમનું પાલન કરે તેવું (B) બેકાર બનાવે તેવું

(C) કહ્યું કરે તેવું (D) આળસું બનાવે તેવું

2. નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : **5 × 1 = 5**

વિદ્યાર્થીજીવનમાં જો કંઈ સિદ્ધ કરવા જેવું તત્ત્વ મને લાગ્યું હોય, તો તે જીવનકળા છે. જે જીવવાની કળા હસ્તગત કરે છે, તેને સાધનો તથા સગવડની ઊણપ વિશે ફરિયાદ કરવાપણું રહેતું નથી. તે તો પોતાની સામે જેટલાં અને જેવાં સાધનો હોય, જેવી અને જેટલી સગવડ હોય તેનો એવી સજીવ કળાથી ઉપયોગ કરે છે કે તેમાંથી જ તેની સામે આપોઆપ નવાં સાધનોની સૃષ્ટિ ઊભી થાય છે. તે વણમાગી આવી ઊભી રહે છે. જે આવી જીવનકળા જાણતો ન હોય તે હંમેશા આ નથી, તે નથી, આવું નથી, તેવું નથી, તેવી ફરિયાદ કર્યા જ કરે છે અને તેની સન્મુખ ગમે તેટલાં અને ગમે તેવાં સાધનો ઉપસ્થિત હોય તો પણ તેને મૂલ્ય સમજાતું નથી, કારણ કે તે જંગલમાંથી મંગલ કરવાની કળા જ ધરાવતો નથી. પરિણામે તેવાં વિદ્યાર્થી મળેલી સગવડના લાભથી વંચિત રહી જ જાય છે અને ભાવિ સગવડના લાભો તો માત્ર તેમના મનોરાજ્યમાં જ રહી ઉલટી વ્યાકુળતા ઊભી કરે છે. તેથી આપણે ગમે તે ક્ષેત્રમાં ગમે તે કરતાં હોઈએ એમાં જીવનકળાની પ્રથમ જરૂર છે અને એ કળા એટલે ઓછામાં ઓછી અને નજીવી ગણાતી સાધનસામગ્રીમાં પણ સંતુષ્ટ મનથી આગળ વધવામાં તેનો ઉપયોગ કરી લેવો અને સ્વપુરુષાર્થથી પોતાની સૃષ્ટિ ઊભી કરવી તે.

**પ્રશ્નો :**

I. સતત ફરિયાદ એટલે....

II. વિદ્યાર્થીએ જીવનકળા હસ્તગત કરી છે એમ ક્યારે કહેવાય ?

III. ભાવિ સગવડનો લાભ કોને મળે છે ?

IV. જંગલમાંથી મંગલ કરવાની કળા એટલે શું ?

V. સારી રીતે જીવન જીવવું એટલે....

## (સાહિત્ય)

## (Literature)

3. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરીને લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. ‘જીવન અંજલિ થાજો’ કાવ્યમાં કવિ ચરણોને ક્યાં લઈ જવા કહે છે ?

(A) ભોજન તરફ (B) ભૂખ્યા તરફ

(C) ભૂધર તરફ (D) ભૂતળ તરફ

II. ‘તે બેસે અહીં’ કાવ્યના કવિનું નામ જણાવો.

(A) પન્ના નાયક (B) નિરંજન ભગત

(C) સ્નેહી પરમાર (D) હરિકૃષ્ણ પાઠક

III. પ્રથમ હાઈકુમાં તળાવ કેવી રીતે જાગ્યું ?

(A) પંખીની ચાંચથી
(B) તેમાં કાંકરો નાખતાં
(C) સૂર્યના પ્રકાશથી
(D) પાણીના અવાજથી

IV. વ્હાલો ક્યાં નાચે છે ?

(A) ગલીમાં
(B) વનમાં
(C) ગગનમાં
(D) કુંજગલીમાં

V. કરશનદાસ માણેકનું કયુ કાવ્ય તમારા પાઠ્યક્રમમાં છે ?

(A) તે બેસે અહીં
(B) મોરલી
(C) દીવાનખાનામાં
(D) જીવન અંજલિ થાજો

VI. મોરલીનો નાદ ક્યાં ગાજે છે ?

(A) મનમાં
(B) આકાશમાં
(C) જમીન પર
(D) વનમાં

4. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. 'ટિફિન' કૃતિમાં ગાય માટે કયો શબ્દ વપરાયો છે ?

II. દીપક કોને પત્ર લખવા કહે છે ?

III. 'પ્રાણનો મિત્ર' એટલે કોણ ?

IV. ચુનીલાલ મડિયાની કઈ કૃતિ પાઠ્યક્રમમાં છે ?

V. ગવરી કોની દીકરી હતી ?

VI. જેઠીબાઈ કયા બંદરેથી પોર્ટુગલ જવા ઉપડ્યાં ?

## (વ્યાકરણ)

## (Applied Grammar)

5. સૂચના પ્રમાણે નીચેના પ્રશ્નોના યોગ્ય વિકલ્પો શોધીને જવાબ લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. 'ચેન ન પડવું' – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) આગળ જવું
(B) પાછળ જવું
(C) ગમવું નહીં
(D) લગ્ન ન કરવું

II. 'ધૂળમાં મળી જવું' – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) નાશ થવો
(B) ખોવાઈ જવું
(C) જડી જવું
(D) કચરાવાળું થવું

III. 'આંસુ લૂછવું' – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) દુ:ખ દૂર કરવાં
(B) ચોખ્ખાઈ રાખવી
(C) અવાજ બંધ થવો
(D) છાના રાખવું

IV. 'હૃદયમાં ઘા થવો' – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) દુ:ખની તીવ્ર અનુભૂતિ થવી
(B) હૃદયરોગ થવો
(C) હુમલો થવો
(D) બીમાર પડવું

V. 'પાયાના પથ્થર થવું' – રૂઢિપ્રયોગનો અર્થ લખો.

(A) મકાનની શરૂઆત કરવી
(B) શરૂઆતના કામમાં વિશેષ યોગદાન આપવું
(C) નિર્દય બનવું
(D) દયાવાન બનવું

6. નીચે આપેલા શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. જાણવાની ઈચ્છા

(A) જાણભેદુ
(B) જાણકાર
(C) જીજ્ઞાસા
(D) મહેચ્છા

II. સહન ન થઈ શકે તેવું

(A) અસહ્ય
(B) અકારું
(C) બેકારું
(D) દુ:ખી

III. પીળા રંગનું વસ્ત્ર

(A) પામર
(B) પિત્ત
(C) પિલાય
(D) પીતાંબર

IV. બેઠા ઘાટની નાની લોટી

(A) ડોયો (B) બોઘરણી

(C) ટબૂડી (D) ટોકરી

V. પગે કરવામાં આવતી કંકુની અર્ચા

(A) પીઠી (B) ચાંદલો

(C) પિયળ (D) મેંદી

7. નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **ચાર**) $4 \times 1 = 4$

I. 'શુષ્ક'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) આછું (B) પાતળું

(C) ભીનું (D) સૂકું

II. 'સમીપ'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) આગળ (B) પાછળ

(C) નજીક (D) દૂર

III. 'ધરા'નો સમાનાર્થી શબ્દ લખો.

(A) ધરતી (B) ઘાસ

(C) તરણું (D) તેજ

IV. નીચેનામાંથી કયુ જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે ?

(A) આભ × વાદળ (B) મેઘ × વાદળ

(C) રાત × દિવસ (D) જમીન × વૃક્ષ

V. નીચેનામાંથી કયુ જોડકું વિરોધી શબ્દની રીતે યોગ્ય છે ?

(A) વિમલ × અમલ (B) વતન × ઘર

(C) આપ × આજ (D) વીર × કાયર

8. સૂચના પ્રમાણે જવાબ લખો : (કોઈપણ **ચાર**) **4 × 1 = 4**

I. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) ભાઈબંધ મારો આવવાનો છે.

(B) છે મારો ભાઈબંધ આવવાનો.

(C) મારો ભાઈબંધ આવવાનો છે.

(D) આવવાનો મારો ભાઈબંધ છે.

II. કયુ વાક્ય ભાષાકીય રીતે સાચું છે ?

(A) જેઠીબાઈએ એક કરી અદ્‌ભુત કાર્ય બતાવ્યું.

(B) જેઠીબાઈએ એક અદ્‌ભુત કરી કાર્ય બતાવ્યું.

(C) અદ્‌ભુત જેઠીબાઈએ એક કાર્ય કરી બતાવ્યું.

(D) જેઠીબાઈએ એક અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું.

III. અનુગ ઓળખો : તમારાથી આ કાર્ય થઈ શકે એમ નથી.

(A) થી (B) આ

(C) શકે (D) નથી

IV. અનુગ ઓળખો : પાયલ કોકિલાને બોલાવતી હતી.

(A) પાયલ (B) ને

(C) બોલાવતી (D) હતી

V. નામયોગી ઓળખો : મનોજે કમાલને કબાટની આજુબાજુ પેન શોધવાનું કહ્યું.

(A) મનોજે (B) કમાલને

(C) શોધવાનું (D) આજુબાજુ

## વિભાગ – B

## (સાહિત્ય)

## PART – B

## (Literature)

9. નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો : (કોઈપણ **પાંચ**) $5 \times 1 = 5$

વાગે છે રે વાગે છે વૃંદાવન મોરલી વાગે છે,
તેનો નાદ ગગનમાં ગાજે છે.
વૃંદા તે વનને મારગ જાતાં, (વહાલો) દાણ દધિનાં માગે છે.
વૃંદા તે વનમાં રસ રચ્યો છ. (વહાલો) રાસમંડળમાં બિરાજે છે.
પીળાં પીતાંબર જરકસી જામા, પીળો તે પટકો બિરાજે છે.
કાને તે કુંડળ મસ્તકે મુગટ, મુખ પે મોરલી બિરાજે છે.
વૃંદા તે વનની કુંજગલીમાં, વહાલો થનકથનક થૈ નાચે છે.
બાઈ મીરાં કે પ્રભુ ગિરિધરના ગુણ, દર્શન થકી દુ:ખ ભાંગે છે.

**પ્રશ્નો :**

I. કોનાં દર્શનથી દુ:ખ દૂર થાય ?
II. કૃષ્ણના કાને શું શોભે છે ?
III. કૃષ્ણના પટકા અને પીતાંબરનો રંગ કેવો છે ?
IV. વૃંદાવનમાં વ્હાલો શું માગે છે ?
V. આ કાવ્યમાં કૃષ્ણ માટે વપરાયેલા શબ્દો કયા છે ?
VI. આ પદમાં કોના પ્રત્યેની ભક્તિ વ્યક્ત થઈ છે ?

10. નીચે આપેલા પ્રશ્નોના **બે–ત્રણ** વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ **બે**) $2 \times 2 = 4$

I. પંખી પિંજરામાં શા માટે પૂરાઈ ગયું ?
II. 'જીવમાં જીવ આવ્યો' કૃતિમાં પ્રકૃતિમાં થયેલા ફેરફારોનું વર્ણન કરો.
III. કવિ મૃત્યને શા માટે પડકારે છે ?
IV. માણસની પાત્રતા વિશે 'તે બેસે અહીં' કાવ્યને આધારે ચર્ચા કરો.

11. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **એક**) $1 \times 3 = 3$

I. 'જીવન અંજલિ થાજો' કાવ્યનો ભાવાર્થ વ્યક્ત કરો.
II. દીવાનખાનાનું વર્ણન તમારા શબ્દોમાં કરો.
III. કવિ મૃત્યુ સાથે શા માટે સંઘર્ષ કરવા માગે છે ?

12. નીચેનો ગદ્યખંડ વાંચી, આપેલા પ્રશ્નોનો યોગ્ય વિકલ્પ શોધીને જવાબ લખો : (કોઈપણ છ) **6 × 1 = 6**

રમઝુની શરણાઈએ આખી બજારને જગાડી દીધી હતી. કામઢા વેપારીઓ હજાર કામ પડતાં મેલીને ઉઘલતી જાનને અવલોકવા દુકાનોને ઉંબરે આવી ઊભા. મોખરે રમઝુના માથા પર લાલ મધરાસી ફેંટાના લીરાં ઊડતાં હતાં. મેઘા ઢોલીએ લીલા રંગનું માથાબંધન બાંધેલું હતું. જાનૈયાઓને વેવાઈવાળાઓ તરફથી કંકુના થાપા મારવામાં આવેલા તેથી તે આખો સમૂહ લાલભડક લાગતો હતો. હીરભરતનાં ઝૂલ અને શિંગડીઓ વડે શણગારેલા બળદ તો સાવ જુદા તરી આવતા હતા. ગાડામાં બેઠેલા વરરાજાનો જરિયન જામો, એમના હાથમાંની તલવારનું રંગીન મિયાન તેમજ કન્યાનું પંચરંગી પટોળું એક વિશિષ્ટ રંગસૃષ્ટિ રચી જતાં હતા.. ભરબજારે ચોગાનમાં ઊભીને રમઝુએ અડાણો ઉપાડ્યો હતો. એ ઉન્માદભરી તરજનું બંધારણ ભાગ્યે જ કોઈ લોકો સમજતાં, છતાં એમાં રહેલા આનંદ, ઉછરંગ, તોફાન, મસ્તી સૌ માણી રહ્યા હતા.... અભણ રમઝુ પાસે શબ્દો નહોતા, કેવળ સૂર હતા અને એ સૂર વડે જ આવી સૃષ્ટિ ખડી કરી જતો હતો....

I. વરરાજાનો પહેરવેશ કેવો હતો ?

II. જાનમાં મહાલતો સમૂહ લાલભડક શા માટે લાગતો ?

III. જાનમાં જોડેલા બળદ સાવ જુદા શા માટે લાગતા ?

IV. શું સાંભળી કામઢા વેપારી દુકાનના ઉંબરે આવી ઊભા ?

V. રમઝુની શરણાઈનો જાદુ કેવો હતો ?

VI. રમઝુએ વગાડેલા 'અડાણા' રાગની લોકો પર શી અસર થઈ ?

VII. રમઝુએ શેના વડે અદ્‌ભુત સૃષ્ટિ ખડી કરી ?

13. નીચે આપેલા પ્રશ્નોના બે-ત્રણ વાક્યોમાં જવાબ લખો : (કોઈપણ ત્રણ) **3 × 2 = 6**

I. શ્યામ બેનેગલે ડૉ. કુરિયનને શું સૂચન કર્યું ?

II. ત્રિભુવનદાસના મિત્રોએ શું નક્કી કર્યું ?

III. ભદ્રંભદ્રનું વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે ?

IV. પારવતીબાનું ઘર કેવું હતું ?

V. દીપક કેવી રીતે ઘવાયો ?

VI. દાદમાં મળેલી રકમ રમઝુ કન્યાને શા માટે આપે છે ?

14. નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તર જવાબ લખો : (કોઈપણ **બે**) **2 × 3 = 6**

I. રમઝુ મીરનું દીકરી પ્રત્યેનું વાત્સલ્ય વર્ણવો.

II. ડૉ. કુરિયન ત્રિભુવનદાસના કયા ગુણોથી પ્રભાવિત થયા ?

III. 'ઝબક જ્યોત' કૃતિને આધારે માતૃહૃદયની વેદના વર્ણવો.

IV. જેઠીબાઈનું શબ્દચિત્ર આલેખો.

## (પ્રભાવક લેખન કૌશલ્ય)

## (Effective Writing Skill)

15. નીચે આપેલા વિષય પર કોઈ **એક** વિષય પર આશરે **120** શબ્દોમાં અનુચ્છેદ લખો : **1 × 5 = 5**

I. **મારો યાદગાર પ્રવાસ**

**મુદ્દા :** પ્રસ્તાવના – પગપાળા પ્રવાસનું વર્ણન – પ્રકૃતિનું સાનિધ્ય – સ્વચ્છ વાતાવરણ – તાજગીનો અહેસાસ – ઉપસંહાર

II. **માતૃભાષાનું મૂલ્ય**

**મુદ્દા :** પ્રસ્તાવના – શા માટે માતૃભાષામાં શિક્ષણ – વર્તમાન પરિસ્થિતિ – માતૃભાષાની આવતીકાલ – ઉપસંહાર

16. નીચે આપેલા મુદ્દાને આધારે બોધ અને શીર્ષક સાથે વાર્તા લખો : **1 × 6 = 6**

**મુદ્દા :** જુલ્મી સિંહ – જંગલનાં પ્રાણીઓને ચિંતા – સસલાની યુક્તિ – બધાને સિંહના ત્રાસથી મુક્તિ – બોધ

17. નીચે આપેલા વિષય પર પત્ર અથવા સચિત્ર જાહેરાત લખો : **1 × 5 = 5**

I. તમારી ગેરહાજરીમાં તમારા ઘરે ચોરી થઈ છે, એની ફરિયાદ કરતો પત્ર યોગ્ય અધિકારીને લખો.

II. 'બાળમજૂરી અટકાવો' વિષય પર એક સચિત્ર જાહેરાત તૈયાર કરો.